## ચૂંટણી ચોતરેથી

● ઓખી વાવોઝાડાને પગલે પ્રધાનમંત્રીની સુરતની સભા રદ થઈ.

● વરસાદી માહોલને પગલે રાહુલ ગાંધીની મોરબી, વઢવાણ અને હળવદની સભાઓ પણ રદ થઈ હતી.

● રાજકોટમાં રક્ષામંત્રી નિર્મલા સીરામન પ્રેસ કોન્ફરન્સમાં ભાજપના સૂત્રમાં બાફયુ. 'સૌનો વિકાસ, સૌનો સાથ' બોલી બાફ્યુ હતુ.

● રાજકોટમાં મુખ્યમંત્રીના કાર્યક્રમો રદ કરાયા અને તેઓ સુરતના સંભવિત વાવાઝોડાવાળા વિસ્તારમાં પહોંચ્યા હતા.

● પાટીદાર આગેવાન પરેશ ગજેરા, જયરાજ બાપા, સી.કે. પટેલ અને આર.પી. પટેલે અમદાવાદમાં પત્રકાર પરિષદ કરી પાસ અને હાર્દિક પટેલની ટીકાઓ કરી હતી.

● જાણીતા કર્મશીલ યોગેન્દ્ર યાદવે ટ્વીટ કરી જણાવ્યુ હતુ કે ભાજપે મોટા આંચકા માટે તૈયાર રહેવુ પડશે.

● ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે રામમંદિર મામલે કોંગ્રેસને પોતાનુ સ્ટેન્ડ ક્લીયર કરવા જણાવ્યુ છે.

● કોંગ્રેસમાંથી રાજીનામુ આપનાર કોંગ્રેસના પ્રવક્તા રેખાબેન ચૌધરી સાથીઓ સાથે ભાજપમાં જોડાયા.

● પ્રદેશ યુવક કોંગ્રેસના મહામંત્રી કલ્પેશ ચૌધરી સહિત સો કાર્યકરો ભાજપમાં જોડાયા.

● દસક્રોઈ વિસ્તારમાં ભાજપના ઉમેદવાર બાબુભાઈ જમનાભાઈ પટેલના પ્રચાર દરમ્યાન ગ્રામજનોએ ઉગ્ર વિરોધ કર્યો હતો.

# ગુજરાત તરફ આગળ વધતું 'ઓખી' : ભાજપ-કોંગ્રેસે કાર્યક્રમો રદ કર્યા

ગુજરાત તરફ આગળ વધી રહેલા 'ઓખી' વાવાઝોડાના કારણે રાજ્યના વાતાવરણ પલટો આવ્યો છે. જેના કારણે રાજ્યની



વિધાનસભાની ચૂંટણી સંદર્ભે મુખ્ય બંને રાજકીય પક્ષો દ્વારા આજના કાર્યક્રમોને રદ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

લક્ષદ્વીપ તરફથી ઉદભવેલ 'ઓખી' વાવાઝોડાની હાલ મહારાષ્ટ્રના દરિયા કિનારા પર અને મુંબઈમાં અસર જોવા મળી રહી છે. આ 'ઓખી'ના કારણે મુંબઈમાં કેટલાક વિસ્તારમાં ગત રાતથી ધોધમાર વરસાદ થઈ રહ્યો છે.

આ 'ઓખી' વાવાઝોડું ધીરે ધીરે ગુજરાતના તટ પ્રદેશમાં પહોંચી રહ્યું છે. જેના કારણે ગુજરાતના વાતાવરણમાં પલટાની સાથોસાથ આફતો પણ વધી રહી છે. આ વાવાઝોડાના કારણે દરિયો ખેડવા ગયેલ જાફરાબાદની ૧૯ જેટલી હજુ સુધી પરત આવી નથી.

જયારે બીજી તરફ રાજયમાં હાલ લગ્નની ફુલ સિઝન ચાલી રહી છે ત્યારે અચાનક વાતાવરણમાં આવેલા પલટાના કારણે પણ લોકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. એક તરફ રાહુલ ગાંધી આજથી ત્રણ દિવસ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર અને સભાઓ ગજવવાના છે, ત્યારે આ 'ઓખી'ના કારણે મુશ્કેલીઓને જોતા કાર્યક્રમો રદ કરવા પડી શકે છે.

જયારે બીજી તરફ ભાજપ દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સભાઓને રદ કરી દેવામાં આવી છે. આ સાથે ભાજપના સુરતમાં યોજાનારા કાર્યક્રમોને પણ રદ કરવાની જાહેરાત પણ ભાજપ દ્વારા કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે લક્ષદ્વીપ નજીક અરબી સમુદ્રમાંથી ઉદભવેલું આ 'ઓખી' વાવાઝોડું આજે રાત્રે ગુજરાતના દરિયા કિનારા પર પહોંચશે ત્યારે તેને લઈને સરકારી તંત્ર દ્વારા રાજયમાં સાવચેતીના ભાગરૂપે કેટલાક પગલા પણ ભરવામાં આવ્યા છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયા કિનારા સહિતની જગ્યાઓ પર NDRF ની ટીમોને સાબદી કરી દેવામાં આવી છે.

જયારે તોફાની વાવાઝોડાના જોખમને ધ્યાને લઈને સરકારી તંત્ર દ્વારા માછીમારોને દરિયો ન ખેડવાની સૂચવાના આપવામાં આવી છે. સૌરાષ્ટ્રના દરિયા કિનારાઓ ઉપર ભયજનક સિગ્નલ આપી દેવામાં આવ્યા છે.

આ દરમિયાન પ્રાપ્ત થતી વિગતો મુજબ જાફરાબાદની ૧૯ બોટ દરિયો ખેડવા ગઈ હતી, પરંતુ આ બોટો હજુ સુધી પરત ન આવી હોવાના કારણે આ માછીમારોના પરિવારજનો ચિંતિત છે.

આ માછીમારોને શોધવા માટે તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. 'ઓખી' ગુજરાતની નજીક આવી રહ્યું છે તેમ તેમ લોકોની મુશ્કેલીઓમાં વધારો થવા માડ્યો છે.





વિધાનસભાની ચૂંટણી સમયે જ ત્રાટકેલા આ 'ઓખી' વાવાઝોડાના કારણે મુખ્ય બંને રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતાના કાર્યક્રમો રદ કરવાની ફરજ પડી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ટ્વીટ કીરને ગુજરાત ભાજપને 'ઓખી'ના કારણે કાર્યક્રમોને રદ કરીને લોકોને મદદ માટે આગળ આવવાની અપીલ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે ભાજપ દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સૌરાષ્ટ્રની રેલીઓ રદ કર્યાની જાહેરાત કરી દેવામાં આવી હતી. આ અંગે ગુજરાત ભાજપના ટ્વિટર હેન્ડલ પરથી ટ્વીટ પણ કરવામાં આવ્યું છે. જયારે બીજી તરફ કોંગ્રેસના નેતા રાજ બબ્બર દ્વારા માંગરોળમાં આયોજીત તેમના કાર્યક્રમને રદ કરી દીધા છે.

# ભાજપ આવતીકાલે 'વિકાસ'ના ચૂંટણી ઢંઢેરાની જાહેરાત કરશે

હેપીનેસ ઈન્ડેકસના નવા કન્સેપ્ટ સાથે કોંગ્રેસે ગઈ કાલે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યા બાદ આવતી કાલે ભાજપ તેનો ચૂંટણી ઢંઢેરાની જાહેરાત કરશે. ભાજપ દ્વારા ચૂંટણી ઢંઢેરાની બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર હતી, પરંતુ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાની જાહેરાત બાદ જ ભાજપે જાહેર કરવાનો નિર્ણય લીધો હતો. ખેડૂતોને દેવા માફી, શિક્ષિત બેરોજગારને બેકારી ભથ્થું, પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો અને સેલ્ફ ફાઈનાન્સ શાળા કોલેજોની ફીમાં રાહત જેવા અનેક વાયદાઓ સાથેના કોંગ્રેસના જાહેર કરાયેલા ચૂંટણી ઢંઢેરા બાદ ભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં અનેક નવા મુદ્દાઓનો સમાવેશ કરવો પડશે.

નર્મદાનાં નીર ઘેર ઘેર પહોંચતાં કરવાનો ટાર્ગેટ, સ્વચ્છ ગુજરાત, હજુ પણ કેટલાક મોંઘીદાટ દવાઓમાંથી મુક્તિ, પાણી તરસ્યા



વિસ્તારોમાં કેનાલ કે પાઈપલાઈન દ્વારા પાણી, ઓવરબ્રિજ, ફોરલેન રસ્તાઓ, ખેડૂતોનાં દેવાં માફી તેમજ મહિલાઓ અને સિનિયર સિટીઝન માટે અનેકવિધ નવી યોજનાઓ જાહેર કરાશે.

મહત્ત્વના મુદ્દાઓને ભાજપ ચૂંટણી ઢંઢેરામાં રિપીટ કરશે. ખાસ કરીને સરહદી સુરક્ષા કચ્છ, બનાસકાંઠા વગેરે સરહદોએ સુરક્ષાલક્ષી પગલાં જાહેર કરશે. ૩૫૦૦ જેટલા અગરિયા પરિવારો માટે યોજનાઓ તેમજ આદિવાસી કલ્યાણ યોજનાઓની જાહેરાત કરાશે. બાળકોની આરોગ્યલક્ષી સુવિધાઓમાં વધારો, વધુ આવશ્યક હેલ્પલાઈનની જાહેરાત વગેરે અનેક મુદ્દાઓને આવરી લઈને ભાજપ ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે.


ભાજપની રણનીતિનો એક ભાગ હતો કે ગમે તેટલું મોડું થાય પહેલાં કોંગ્રેસ તેનો મેનિફેસ્ટો જાહેર કરે ત્યાર બાદ જ ભાજપ તેનો મેનિફેસ્ટો જાહેર કરશે. હવે કોંગ્રેસે જાહેરાત કરી દીધી છે ત્યારે કેટલાક સુધારા વધારા સાથે આજે ચૂંટણી ઢંઢેરાને આખરી ઓપ આપી દેવાશે.

ભાજપના ઢંઢેરાના મોટા ભાગના મુદ્દા આગામી ૧૫ વર્ષની રૂપરેખાને આધારિત વિકાસને આવરી લેતા મુદ્દાઓ હશે જેમાં બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન, વધુ સંખ્યામાં એરપોર્ટ, એરપોર્ટના નવીનીકરણ, રેલવે સ્ટેશનોનાં નવીનીકરણ સહિતના મુદ્દાઓને પણ સમાવિષ્ટ કરાશે.

# પાલનપુરમાં ચૂંટણી બની નીરસ

## ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો સામે મતદારો નારાજ : લઘુમતિ વિસ્તારમાં રાજકીય પક્ષોના પ્રવેશ પર પાબંદી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને રાજયભરમાં રાજકીય ગરમાવો તેજ બનવાની સાથે માહોલ જામ્યો છે. ત્યારે પાલનપુર માં હજી ચૂંટણીલક્ષી વાતાવરણ જામ્યું નથી. પાલનપુરમાં મળે તેવો ઘાટ ઘડાશે. અને કોંગી ધારાસભ્ય મહેશ પટેલ જીતે તો પણ ભાઈબંધી સાચવશે. જેથી ભાજપના તો બંને હાથમાં લાડુ રહેશે તેવી અટકળો વહેતી થઈ છે.




બંને મુખ્ય રાજકીય પક્ષ ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો સામે પ્રજામાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે.

પાલનપુર વિધાનસભા સીટ પર કોંગ્રેસે પોતાના સીટીંગ ઉમેદવાર મહેશ પટેલને રિપીટ કર્યા છે. ત્યારે ભાજપએ વળી કોથળામાંથી બિલાડુ કાઢતા નવા નિશાળીયા સમા નબળા ઉમેદવાર લાલજી પ્રજાપતિને મૂકી રાજકીય સેટિંગ કર્યું હોવાની અફવાએ જોર પકડ્યું છે. ભાજપને તો બંને હાથમાં લાડુ હોવાની વાતો વહેતી થઈ છે. કોંગી ધારાસભ્ય મહેશ પટેલ ૫ વર્ષ દરમિયાન વિપક્ષ તરીકેની અસરકારક ભૂમિકા ભજવવામાં નિસ્ફળ રહ્યા છે. તેમના ૫ વર્ષનો કાર્યકાળ ભાજપ વિરોધી રહેવાને બદલે દોસ્તીનું રાજકારણ વધુ રહ્યું હોવાના વહેતા થયેલા અહેવાલો વચ્ચે ભાજપે નબળા ઉમેદવાર મૂકી દોસ્તીનો દાવ સાચવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ત્યારે ભાજપને તો ભાજપનો નબળો ઉમેદવાર જીતી જાય તો બગાસાં ખાતું પતાસું

જોકે, કોંગ્રેસના ઉમેદવાર મહેશ પટેલની નિષ્ક્રિયતા સામે સક્ષમ ઉમેદવાર મૂકી આ સીટ આંચકી લેવાને બદલે ભાજપે નબળો ઉમેદવાર મુકતા પ્રજાજનો માટે તો જાયે તો જાયે કહા તેવો ઘાટ ઘડાયો છે. આમ, ભાજપ-કોંગ્રેસ ના અણગમતા ઉમેદવાર વચ્ચે આમ આદમી પાર્ટીના ઉમેદવાર રમેશ નાભાણી પણ આયાતી ઉમેદવાર હોઈ મતદારો ભારે મૂંઝવણમાં મુકાયા છે. હવે મતદારોને રોઝવવામાં ક્યાં ઉમેદવાર સફળ રહેશે તેતો આવનારો સમય જ બતાવશે.

### લઘુમતિ વિસ્તારમાં રાજકીય પક્ષોના પ્રવેશ પર પાબંદી

ગતિશીલ ગુજરાતમાં વિકાસની ગુલબાંગો વચ્ચે પાલનપુરનો કોટ નો વિસ્તાર કે જ્યાં લઘુમતિ સમુદાયની બહુમતિ છે. તે વિસ્તાર આજે પણ વિકાસથી વંચિત છે. રોડ, લાઈટ અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ માટે આજે પણ ટળવળી રહેલ આ વિસ્તારમાં આજે પણ સ્વચ્છતા અભિયાન ના ધજીયા ઉડાડતી ગંદકી ખદબદી રહી છે. ત્યારે વિકાસ માટે ટળવળી રહેલા લઘુમતિ વિસ્તારના લોકોએ આખરે કંટાળી ને પોતાના વિસ્તારમાં મતની ભીખ માંગવા આવતા રાજકીય પક્ષોના પ્રવેશ પર પાબંદી લગાવતા બેનરો લગાવતા રાજકીય ગરમાવો તેજ બન્યો છે.

# મોદીજી ફક્ત કોંગ્રેસની જ વાત કરે છે ભવિષ્યની નહીં : રાહુલ ગાંધી

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી મંગળવારે ફરી એકવાર ગુજરાતની મુલાકાતે છે. તેઓ ૫, ૬ અને ૭ ડિસેમ્બર દરમિયાન રાજ્યમાં છેલ્લા તબક્કાના ચૂંટણી પ્રચાર હેઠળ વિવિધ વિસ્તારોની મુલાકાત લેનાર છે અને જનસભાઓનું સંબોધન પણ કરશે. આ જ શ્રેણીમાં તેમણે કચ્છના અંજારમાં જનસભા સંબોધી હતી. રાહુલ ગાંધી પહેલાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જનસભાનું સંબોધન કરતાં કહ્યું હતું કે, થોડા સમય પહેલાં ભાજપના નેતાઓએ કચ્છની મુલાકાત લીધી અને જાત-જાતની વાતો કહી ગયા. પીએમ મોદીએ માત્ર રડવાનું જ બાકી રાખ્યું છે. ભાજપના લોકો વાતો તો ૧૫૦ની કરે છે, પરંતુ આ આંકડામાંથી આગળથી ૧ નીકળી જશે, એ વાત ચોક્કસ છે.

અંજારમાં કચ્છી પાઘડી અને



શાલ પહેરાવી રાહુલ ગાંધીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધીએ અહીં સંબોધન કરતા કહ્યું હતું કે, 'કોંગ્રેસ પાર્ટી આ વખતે જોષમાં ચૂંટણી લડી રહી છે અને ગુજરાતની જનતા પણ ભાજપથી થાક્યા છે. કાલે મારી બહેન ઘરે આવી હતી અને પૂછતી હતી કે, આ શું થઈ રહ્યું છે? મારા ભાણાંમાં આજકાલ બધું જ ગુજરાતી છે. મારી આદતો બગડી ગઈ છે, મારું વજન વધતું જાય છે. આ ચૂંટણીમાં મને ઘણો ફાયદો થયો છે, તમારા મનની વાત સાંભળવા મળી, ગુજરાતમાં શું-શું પરિવર્તન આવી રહ્યું છે એ જાણવા મળ્યું. મેં કાલે મોદીજીનું ભાષણ જોયું, ભાષણમાં ૯૦ ટકાનો સમય કોંગ્રેસ અંગે બોલવામાં કાઢ્યો. આ ચૂંટણી ભાજપ કે કોંગ્રેસ કે મોદીજી કે રાહુલ ગાંધી અંગે નથી, આ ચૂંટણી ગુજરાતની જનતાના ભવિષ્ય અંગે છે. પરંતુ મોદીજીએ પોતાના ભાષણમાં ગુજરાતના ભવિષ્ય અંગે ઉલ્લેખ જ નથી કર્યો. મેનિફેસ્ટો બનાવ્યો, એ કોંગ્રેસ પાર્ટીનો મેનિફેસ્ટો નથી; લોકોને પૂછી-પૂછીને બનાવવામાં આવેલ મેનિફેસ્ટો છે. તમારા મનની વાત છે. પહેલા તમને કહી દેવામાં આવશે કે ઋતુમાં તમને કેટલો ભાવ મળશે.'

એડહોક પ્રોફેસરનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું છે કે, 'અમે મેનિફેસ્ટોમાં કહ્યું છે કે, લોકોનો પગાર વધતો જશે. અમે લોકો સાથે વાતો કરી, તમે અમને જણાવ્યું કે તમને શું જોઈએ છે. પરંતુ ભાજપે આ નથી કર્યું, માટે મોદીજી પોતાની ભાષામાં ૯૦ ટકા સમય સુધી કોંગ્રેસ અંગે વાત કરી શકે છે. છેલ્લા ૨૨ વર્ષમાં શું થયું? નર્મદાના પાણીની વાતો સાંભળી રહ્યાં છે. ૪૫ હજાર એકર જમીન, જે તમારી જમીન હતી, ખેડૂતો પાસેથી છીનવી લઈ એક વ્યક્તિને આપવામાં આવી. નર્મદાનું પાણી, વીજળી આપી. ૧ પ્રતિ મીટરથી જમીન ખરીદી એ વ્યક્તિએ પછી ૩થી ૫ હજાર પ્રતિ મીટરના ભાવે સરકારી કંપનીઓને વેચી.'

# પ્રધાન અને ઓફિસર જાગૃત હોય તો ટ્વીટર, ફેસબુક અને વોટ્સએપ લોકોના પ્રશ્નો ઉકેલી શકે છે

## પારદર્શક વહીવટની વાતો વચ્ચે કચેરીઓમાં લાઇવ સંપર્ક આવશ્યક બન્યો છે : પંકજકુમાર એવા એક્ટિવ ઓફિસર છે - જેમણે જિલ્લા વહીવટી તંત્રને દોડતું કર્યું છે

ગુજરાતના રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી (સ્વતંત્ર વિભાગ) શંકર ચૌધરીએ એક અનુકરણિય કદમ ઉઠાવ્યું હતું જેને સચિવાલયમાં ભારે લોકચાહના મળી હતી. તેમણે ટ્વિટર પર આવેલા એક મેસેજને ગંભીરતાથી લઈને કેન્સર પેન્શનને મા અમૃતમ યોજના હેઠળ મળતા સરકારી લાભ અપાવી વધુ દામ વસૂલ કરનારા સામે તપાસ શરૂ કરવાનો આદેશ કર્યો હતો.

ડિજીટલ ગુજરાતમાં આજે સચિવાલય અને સરકારી કચેરીઓમાં લાઈવ સંપર્ક આવશ્યક બન્યો છે અને તેના માટે સોશ્યલ મિડીયા એ અસરકારક માધ્યમો બન્યાં છે. પારદર્શક વહીવટની વાતો વચ્ચે સરકારે તેના પબ્લિક ડિલીંગ છે તેવા વિભાગોને સોશ્યલ માધ્યમથી લાઈવ બનાવવાની આવશ્યકતા છે. નવી સરકારના કેબિનેટ મંત્રીઓ જો આટલી જાગૃતતા દાખવશે તો પાંચ વર્ષે ચૂંટણી પ્રચારમાં રૂપિયા ખર્ચવાની જરૂરત નહીં પડે.

રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી શંકર ચૌધરીએ તાજેતરમાં તેમની ઓફિસનું જીવંત પ્રસારણ કરીને રાજ્યની કેબિનેટને ચોંકાવી દીધી હતી. કેન્દ્ર સરકારમાં સુષ્મા સ્વરાજ અને સુરેશ પ્રભુ એવા બે મંત્રીઓ છે કે જેઓ ટ્વિટરના કન્વર્જેશન અથવા મેસેજ જોઈને અરજદારોના પ્રશ્નોને ઉકેલવાના શરૂ કરે છે તેમ શંકર ચૌધરીએ પણ આવો પ્રયોગ ગુજરાતમાં શરૂ કર્યો હતો પરંતુ તે માત્ર એક જ દિવસ પૂરતો મર્યાદિત રહ્યો હતો.

જો ગુજરાતમાં પબ્લિક ડિલીંગ કરતા વિભાગોના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ ફેસબુક અને ટ્વિટરના માધ્મયથી લોકોના પ્રશ્નો અને ફરિયાદોનો નિકાલ કરે તો સામાન્ય જનતાને રાહત મળી શકે છે. આપણા પ્રજાના પ્રતિનિધિઓ તેમજ સચિવાલયનો વહીવટ કરતી બ્યુરોક્રેસી ઓનલાઈન બને તો ફાઈલોના નિકાલમાં ઝડપ આવે અને અરજદારોની ફરિયાદો ઉકેલવામાં મહિનાઓનો વિલંબ થતો અટકી શકે છે. આજે સચિવાલયમાં રજૂઆતકર્તાઓના વિવિધ પ્રશ્નો મહિનાઓથી પેન્ડીંગ પડી રહ્યાં છે. હાલ રેવન્યુ વિભાગના અગ્રસચિવ પંકજકુમાર તેમના વિભાગો માટે




ટ્વિટર અને ફેસબુકનું માધ્મય વાપરી રહ્યાં છે. એટલું જ નહીં વોટ્સઅફ મેસેજ દ્વારા જન જનને રિપ્લાય કરી પ્રશ્નનું નિરાકરણ લાવવા જિલ્લા વહીવટી તંત્રને આદેશ કરે છે.

ગુજરાતમાં આરોગ્ય ઉપરાંત ગૃહ, પંચાયત, શહેરી વિકાસ, ઉદ્યોગ, ટ્રાન્સપોર્ટેશન, શ્રમ, રોજગાર, શિક્ષણ, મહેસૂલ, કૃષિ અને તેના જેવા એક ડઝન વિભાગો એવા છે કે જેમાં પબ્લિક ડીલીંગ વધારે જોવા મળે છે. રોજબરોજ લોકોની ફરિયાદો વિવિધ વિભાગોમાં આવતી હોય છે. આપણા પ્રજાના પ્રતિનિધિઓ સોશ્યલ માધ્યમનો ઉપયોગ તો કરે છે પરંતુ સાથે સાથે જો તેઓ નિયમિત લોકોના મેસેજ વહન કરે તો સચિવાલયમાં મુલાકાતીઓની ભીડ ઓછી થાય અને લોકોના પ્રશ્નો સ્થળ પર ઉકલી શકે છે. લાંચના કેસોમાં તો આ માધ્યમો ખૂબ જ અસરકારક નિવડે છે.

સ્કૂલ કે કોલેજમાં વિદ્યાર્થીનીની છેડતી થઈ હોય, શિક્ષણમાં કોઈ વિદ્યાર્થીને ઈન્સ્ટીટ્યુટમાંથી ખરાબ અનુભવ થાય, સરકારની સહાય યોજનાઓમાં કોઈ અધિકારી વિલંબ કરે અથવા લાંચની રકમ માટે કે કોઈ જગ્યાએ અકસ્માત થયો હોય અને ત્વરીત મદદની જરૂર હોય તો- તેવા સંજોગોમાં ટ્વિટર, ફેસબુક અને વોટ્સઅપ માધ્મય ફાયર ફાઈટરનું કામ કરે છે.

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોશ્યલ મિડીયાના ચાહકો છે અને તેમણે સોશ્યલ મિડીયાથી લોકોના પ્રશ્નો ઉકેલવાનું શરૂ કર્યું છે ત્યારે રૂપાણીએ તેમના કેબિનેટ મંત્રીઓને એવો આદેશ કરવો જોઈએ કે તમામ સભ્યોએ સોશ્યલ માધ્યમનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કરવો અને લોકોની ફરિયાદોનો ત્વરીત નિકાલ કરવો. ભૂતકાળમાં જયનારાયણ વ્યાસ એવા મિનિસ્ટર હતા કે જેમણે તેમની ઓફિસમાં ઓપીડી શરૂ કર્યું હતું. મુલાકાતીઓ અને ફરિયાદીઓની માહિતી એકત્ર કરીને તેના નિકાલની સમયમર્યાદા બાંધી હતી અને લોકોને યસ ઓર નો નો જવાબ કારણ સાથે મળી જતો હતો.

ગુજરાતમાં ટ્વિટર અને ફેસબુક હેન્ડલ કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણી, મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને શંકર ચૌધરીએ સરાહનિય કાર્યો કર્યા છે. તેમની જેમ આપણી બ્યુરોક્રેસીમાંથી પંજક કુમાર, વિજય નહેરા, અજય ભાદુ, રાજીવકુમાર ગુપ્તા જેવા અધિકારીઓ ફેસબુક અને ટ્વિટરનો પોઝિટીવ ઉપયોગ કરે છે. તેમની આ પ્રવૃત્તિ મિડીયા જ નહીં સચિવાલયમાં પણ લોકપ્રિય બની છે. શંકર ચૌધરીએ તેમના સાથી સભ્યો માટે એક નવી જ દિશા ખોલી આપી છે જે મોદી સરકારના કેટલાક મંત્રીઓ અને અધિકારીઓ કરી રહ્યાં છે.

## મિનિસ્ટર અને ઓફિસર સોશ્યલ મિડીયાનો ઉપયોગ કરી ન્યાય અપાવી શકે છે